# પહેલગામ ગયેલા 17 લોકો ભાવનગર પાછા ફર્યા

**આ ગ્રુપમાં** જ ગયેલા ભાવનગરના પિતા-પુત્રનું મોત થયું હતું

**ભાવનગરથી** 20 વ્યક્તિ ગ્રુપમાં શ્રીનગર ગયું હતું



ગાંધીનગર : જમ્મુ કાશ્મીરના પહેલગામમાં 22મી એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં 26 ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં ગુજરાતના ત્રણ નાગરિકનો સમાવેશ થાય છે. ભાવનગરના પિતા, પુત્ર અને સુરતના એક યુવાનનું મૃત્યુ હતું. આતંકી હુમલામાં બચી ગયેલા ભાવનગરના 17 નાગરિકો ગુરુવારની રાત્રે હેમખેમ પરત ફરતા પરિવારજનોને ભેંટીને રડી પડ્યા હતા. આ સમયે હૃદયદ્રાવ્ય દ્રશ્યો સર્જાયા હતા.

ભાવનગરથી પહેલગામના પ્રવાસે 20 લોકોનું ગ્રુપ નીકળ્યું હતું. આતંકવાદી હુમલામાં ભાવનગરના પિતા, પુત્રનો મૃત્યુ થયું હતું. આ આતંકી હુમલાની ઘટનાને યાદ કરતા લોકો ડરી રહ્યા છે. ભયાનક આતંકી ઘટનામાં હાથે ગોળી વાગતા ઈજાગ્રસ્ત થયેલા વિનુભાઈ ડાભીએ દર્દનાક ઘટનાના અનુભવ અંગે જણાવ્યું હતું કે, અમે ઘોડા પર બેસીને ઉપર પહેલગામ ગયા હતા ત્યાં જઈને ફોટા પાડી અમે બેઠા હતા. એટલામાં જ એક ધડાકો થયો. અમે કાંઈ સમજીએ તે પહેલા જ બીજો અને ત્રીજો એમ એક પછી એક ત્રણ ધડાકા થયા હતા. થોડી જ વારમાં ખબર પડી કે આ આતંકવાદી હુમલો છે, આથી અમે બધા સૌ ડરી ગયા અને આમતેમ ભાગવા મંડ્યા હતા આડેધડ થઈ રહેલા ગોળીબાર થી અમે બધા છૂટા પડી ગયા, હું મારા ઘરના સભ્યોને શોધતો ગેટની બહાર નીકળ્યો ત્યારે, મને પાછળથી એક ગોળી વાગી અને સાથે જ બીજી ગોળી ખભાને અડીને નીકળી ગઈ હતી.

ગોળી વાગ્યા પછી મેં પાછું વળીને જોયું જ નથી, અમારા ગ્રુપમાં રહેલા પિતા, પુત્રને પણ ગોળી વાગી હતી. ગોળી વાગ્યા બાદ મને સારવાર માટે અનંતનાગ ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યો હતો, ત્યારબાદ અમારા ગ્રુપને વતન ભાવનગર લાવવામાં આવ્યા છે.

# ગુજરાતમાંથી સાત પાકિસ્તાનીઓને શોધીને પરત મોકલવામાં આવ્યા

**પાકિસ્તાનીઓને** શોધીને પરત મોકલો , અમીત શાહે ફોન કરીને સીએમ ભૂપેન્દ્ર પટેલને તાકીદ કરી

ગાંધીનગર : પહેલગામ આતંકી હુમલામાં 27 પ્રવાસીઓના મોતની ઘટના બાદ કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ સતત એક્શન મોડમાં જોવા મળી રહ્યાં છે. શાહે આજે ગુજરાત સહિત દેશના તમામ મુખ્યમંત્રીઓ સાથે ફોન પર વાતચીત કરીને જુદા જુદા વીઝા સાથે આવેલા પાકિસ્તાનીઓને પરત મોકલવા કાર્યવાહી કરવા તાકિદ કરી હતી. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરાકર દ્વારા છેલ્લા 24 કલાકની અંદર પાકિસ્તાની નાગરિકોને જુદી જુદી 17 કેટેગરીમાં અપાયેલા ભારતના વીઝા રદ કરી દીધા છે, જેના પગલે હવે દેશભરમાં પાકિસ્તાની નાગરિકોને શોદીને પંજાબની અટ્ટારી બોર્ડર પરથી પરત મોકલવામાં આવી રહ્યાં છે.

કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહની ટેલિફોનિક સૂચના બાદ ગાંધીનગરમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગૃહ વિભાદ હરકતમાં આવી ગયુ હતું. આજે દિવસ દરમ્યાન ગુજરાત યમાંથી સાત પાક નાગરિકોને પરત મોકલવામા આવ્યા છે, તેઓના ભારતની મુલાકાત માટેના પહેલગામ આતંકી હુમલા બાદ તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવ્યા છે.

અમદાવાદમાં 5, સુરતમાંથી 1 અને ભરૂચમાંથી 1 પાક નાગરિકોને પરત મોકલી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં 438 પાક. નાગરિકો છે. પંજાબની અટ્ટારી બોર્ડર પરથી 191 પાક નાગરિકેને પોતાના દેશમાં પાકિસ્તાનમાં મોકલવામાં આવ્યા છે.દુશ્મન દેશનું કોઈ પણ ગુજરાતમાં ના રહી જાય તે માટે ગૃહ વિભાગ દ્વારા કડકાઈથી પગલા લેવાઈ રહ્યાં છે.

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભેજવાળું વાતાવરણ રહેશે, ભૂજમાં 43 ડિગ્રી

**રાજ્યમાં** 1 મે સુધી હિટવેવની અસર જોવા મળશે

ગાંધીનગર : ગુજરાત હાલમાં તીવ્ર હિટ વેવની ચપેટમાં આવી ગયુ છે. આજે દિવસ દરમિયાન ભૂજમાં ગરમીનો પારો 43 ડિગ્રીએ પહોચ્યો હતો. રાજયના અન્ય શહેરોમાં પણ ગરમીનો પારો ઊંચે જવા પામ્યો હતો. હજુયે ત્રણ દિવસ માટે ગરમીનો પારો ઉપર જવાનો છે. તે પછી પણ ગરમીના પ્રમાણમાં 2થી 3 ડિગ્રીનો વધારો થશે, તેવી ચેતવણી હવમાન વિભાગે ઈશ્યુ કરી દીધી છે. ગુજરાતમાં આગામી તારીખ 1 મે સુધી હિટવેવની અસર રહેશે, જયારે ગરમીનો પારો 40થી 44 ડિગ્રી સુધી રહેશે. બીજી તરફ આગામી 1 મે સુધીમાં રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર - કચ્છના દરિયાકાંઠા વિસ્તારમાં ગરમ અને ભેજયુક્ત હવામાનની આગાહી કરાઈ છે.

**જુદાં જુદાં શહેરનું તાપમાન**

| | |
|---|---|
| અમદાવાદ | 42 ડિ.સે. |
| ડીસા | 41 ડિ.સે. |
| ગાંધીનગર | 42 ડિ.સે. |
| વિદ્યાનગર | 40 ડિ.સે. |
| વડોદરા | 40 ડિ.સે. |
| સુરત | 36 ડિ.સે. |
| ભૂજ | 43 ડિ.સે. |
| નલિયા | 38 ડિ.સે. |
| કંડલા પોર્ટ | 35 ડિ.સે. |
| કંડલા એરપોર્ટ | 41 ડિ.સે. |
| અમરેલીમાં | 42 ડિ.સે. |
| ભાવનગર | 39 ડિ.સે. |
| રાજકોટ | 42 ડિ.સે. |
| સુરેન્દ્રનગર | 42 ડિ.સે. |
| મહુવા | 38 ડિ.સે. |
| કેશોદ | 39 ડિ.સે. |

# આવતીકાલથી અમદાવાદ-ગાંધીનગર મેટ્રો હવે સચિવાલય સુધી દોડશે

**અમદાવાદ** ગાંધીનગર મેટ્રો રૂટ ઉપર નવાં સાત સ્ટેશનોનો ઉમેરો

**શનિવારથી** નવું ટાઈમ ટેબલ વેબસાઇટ પર ઉપલબ્ધ થશે

ગાંધીનગર : અમદાવાદઃ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લિમિટેડે અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકો માટે સુવિધાજનક પરિવહન સેવામાં ઝડપી ઉમેરો કર્યો છે.

મેટ્રો ટ્રેન સેવાને મોટેરા સ્ટેશનથી ગાંધીનગરના સચિવાલય સુધી લંબાવવામાં આવી છે. આ સાથે જ, આ રૂટ પર મુસાફરીને વધુ સુવિધાજનક બનાવવા માટે સાત નવા આધુનિક સ્ટેશનોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. આ નવી સુવિધાનો શુભારંભ રવિવાર તા. ૨૭ એપ્રિલ, ૨૦૨૫ થી થશે.

હવેથી મેટ્રો ટ્રેન મોટેરાથી ઉપડીને કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, સેક્ટર-૧૦એ આ નવા સ્ટેશનોને જોડશે અને છેલ્લે ગાંધીનગરના સચિવાલય સુધી પહોંચશે. આનાથી અમદાવાદ અને ગાંધીનગરના આ વિસ્તારો વચ્ચે સીધી અને ઝડપી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

મેટ્રો સેવાનું આ વિસ્તરણ માત્ર મુસાફરીને સરળ જ નહીં બનાવે પરંતુ પર્યાવરણની જાળવણીમાં પણ મદદરૂપ થશે. હવે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મુસાફરી વધુ આરામદાયક અને ઝડપી બની છે.

# ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ સિવાય બહુ ઓછા વિકલ્પો બચ્યા છે



પહેલગામમાં થયેલો આતંકવાદી હુમલો ૨૦૧૯ પછી જમ્મુ અને કાશ્મીરમાં થયેલો સૌથી ઘાતક હુમલો છે, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ હુમલા પછી ભારતમાં અને પાકિસ્તાનમાં જે ગતિવિધિઓ શરૂ થઈ છે, તેનો અભ્યાસ કર્યા પછી લાગે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ સિવાય કોઈ રીતે આ દુષ્કૃત્યનો બદલો લઈ શકાય તેમ નથી. ભારતે આતંકવાદી હુમલાના જવાબમાં સિંધુ જળ સંધિ સ્થગિત કરી દેવાની ધમકી આપી છે તો પાકિસ્તાને સિમલા કરારનો ત્યાગ કરવાની ધમકી આપી છે. આ બંને પગલાં એવાં જલદ છે કે તેના પરિણામે યુદ્ધ ફાટી નીકળે તેવી તમામ સંભાવના છે. પાકિસ્તાન સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના ભારતના નિર્ણયને વધુ ગંભીરતાથી લઈ રહ્યું છે. જો ભારત આ નિર્ણય દ્વારા પાકિસ્તાનમાં જતું નદીઓનું પાણી સંપૂર્ણપણે બંધ કરી દે તો તે પાકિસ્તાન માટે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે. ભારત દ્વારા અટારી સરહદ બંધ કરવાના અને પાકિસ્તાનનાં નાગરિકોના વીસા રદ કરવાના આદેશને પણ યુદ્ધની તૈયારી તરીકે જોવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે પાકિસ્તાનમાં રહેલા ભારતીય નાગરિકોને પણ ઝડપથી ભારત પાછા ફરવાની સૂચના આપવામાં આવી છે.

**યુદ્ધ પોઇન્ટ**
**સમકિત શાહ**

પાકિસ્તાન દ્વારા તેની હવાઈ સ્પેસ ભારતનાં નાગરિક વિમાનો માટે બંધ કરવાનું પગલું પણ યુદ્ધ તરફ દોરી જાય તેવું છે. કેબિનેટ કમિટિ ઓન સિક્યોરિટીની બેઠક પછી ગૃહ પ્રધાન અમિત શાહ અને વિદેશ પ્રધાન એસ. જયશંકર લાલ ફાઈલ લઈને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા તે ઘટના પણ બહુ સૂચક છે. ભારતનાં રાષ્ટ્રપતિ લશ્કરની ત્રણેય પાંખોનાં વડાં છે. કોઈ પણ યુદ્ધ સંબંધિત કાર્યવાહી શરૂ કરવા માટે રાષ્ટ્રપતિની લેખિત અનુમતિ જરૂરી હોય છે. ભારત દ્વારા દુનિયાના તમામ દેશોના રાજદૂતોને બોલાવીને જે સંદેશો આપવામાં આવ્યો તે પણ યુદ્ધની પૂર્વતૈયારી જેવો હતો. આજથી એક અઠવાડિયા પહેલાં વડા પ્રધાન મોદીની કાશ્મીર મુલાકાત રદ કરવામાં આવી ત્યારથી સોશ્યલ મિડિયામાં સંદેશા વહેતા થઈ ગયા હતા કે કાશ્મીરમાં કંઈક મોટું બનવાનું છે. આ કારણે જ કેટલાંક લોકો શંકા સેવી રહ્યાં છે કે પહેલગામમાં જે હુમલો થયો તેનો ખ્યાલ સુરક્ષા તંત્રને હતો, પણ તેણે તેને અટકાવવા માટે કોઈ પગલાં લીધાં નહોતાં.

પાકિસ્તાની પત્રકારો અને વિશ્લેષકો કહે છે કે જો ભારત પાણી પુરવઠો બંધ કરે તો તે યુદ્ધની ઘોષણા હશે. પ્રખ્યાત પાકિસ્તાની પત્રકાર અને વિશ્લેષક નજમ સેઠીએ પાકિસ્તાની ન્યૂઝ ચેનલ સમા ટી.વી.ને જણાવ્યું હતું કે પાકિસ્તાનને લાગશે કે ભારતે બે પરિસ્થિતિઓમાં યુદ્ધ શરૂ કર્યું છે. એક નદીઓનું પાણી રોકીને અને બીજી કરાચી બંદરને અવરોધિત કરીને. પાકિસ્તાન આ બંને પરિસ્થિતિઓને યુદ્ધનાં કૃત્યો તરીકે લેશે અને આવી સ્થિતિમાં પાકિસ્તાનને પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાનો અધિકાર છે. આ બાબતમાં પાકિસ્તાનનો વિચાર ખૂબ જ સ્પષ્ટ છે. બીજી પરિસ્થિતિ એ છે કે જો ભારતીય સેના પાકિસ્તાનના કોઈ પણ વિસ્તાર પર કબજો કરે છે તો આપણે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરી શકીએ છીએ. આપણે પહેલાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ ન કરવાની જવાબદારીથી પણ બંધાયેલાં નથી. જો કે, ભારત એ નીતિનું પાલન કરે છે કે તે પહેલાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરશે નહીં. ઓગસ્ટ ૨૦૧૯ માં ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે અત્યાર સુધી અમારી નીતિ એવી છે કે અમે પહેલાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું નહીં; પરંતુ ભવિષ્યમાં આ નીતિ પરિસ્થિતિ પર નિર્ભર રહેશે. ઘણા સંરક્ષણ વિશ્લેષકો પહેલાં પરમાણુ શસ્ત્રોનો પહેલો ઉપયોગ ન કરવાની ભારતની નીતિની ટીકા કરતા રહ્યા છે.

પાકિસ્તાન માટે સિંધુ જળ સંધિનું પાણી તેના માટે જીવનરેખા જેવું છે અને કરાચી બંદરની કાર્યકારી સ્થિતિ પણ આવી જ બાબત છે. આવી સ્થિતિમાં ભારત સાથેના તણાવના સમયમાં પાકિસ્તાન આ બે બાબતોની સૌથી વધુ ચિંતા કરે છે. નજમ સેઠી કહે છે કે ભારત રાતોરાત પાણી બંધ કરી શકતું નથી. ભારતને પાણી બંધ કરવા માટે ઓછામાં ઓછા પાંચથી દસ વર્ષ લાગશે. જો ભારત આ નિર્ણય લાગુ કરે છે તો ચીન પણ ભારત સાથે આવું જ કરી શકે છે. ભારત ઇઝરાયલ નથી અને આપણે પેલેસ્ટાઇન નથી. ભારત નિયંત્રણ રેખા પર પરિસ્થિતિ ગરમ કરશે. ભારત યુદ્ધવિરામ તોડશે અને આવી સ્થિતિમાં પશ્ચિમ તરફથી LOC પર સૈન્ય તૈનાત કરવું પડશે.

ગુરુવારે, પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે જો સિંધુ જળ સંધિ હેઠળ પાકિસ્તાનને આપવામાં આવતું પાણી કોઈ પણ રીતે રોકવામાં આવશે અથવા બીજે વાળવામાં આવશે તો તેને યુદ્ધ તરીકે લેખવામાં આવશે અને તેનો સંપૂર્ણ તાકાતથી જવાબ આપવામાં આવશે. ભારતીય સંરક્ષણ વિશ્લેષક રાહુલ બેદીએ પૂછ્યું કે શું પાકિસ્તાન ખરેખર સિંધુ જળ સંધિના સસ્પેન્શન અને કરાચી બંદરને અવરોધિત કરવાને યુદ્ધના કૃત્ય તરીકે લેશે? જો પાકિસ્તાનને સિંધુ જળ સંધિમાંથી પાણી નહીં મળે, તો તેનું અર્થતંત્ર નાશ પામશે અને જો ભારત કરાચી બંદરને અવરોધે તો પાકિસ્તાન સંપૂર્ણપણે તૂટી જશે. ભારતનું નૌકાદળ હાલમાં ખૂબ જ સારી સ્થિતિમાં છે અને તેની પાસે કરાચી બંદરને અવરોધિત કરવાની પૂરતી ક્ષમતા છે.

પાકિસ્તાને ધમકી આપી છે કે તે શિમલા કરારમાંથી બહાર નીકળી જશે. શિમલા કરારમાંથી બહાર નીકળ્યા પછી નિયંત્રણ રેખા (LOC) નો હવે કોઈ અર્થ નથી. શિમલા કરારમાં LOC ને ડિફેક્ટો સરહદ તરીકે સ્વીકારવામાં આવી હતી, પરંતુ હવે તે રેખા પણ એવી બની ગઈ છે કે પાકિસ્તાન કહી રહ્યું છે કે તે તેને સ્વીકારશે નહીં. આનો અર્થ એ છે કે ભારત અને પાકિસ્તાન બંને પોતાની શક્તિના બળ પર એકબીજા પર હુમલો કરી શકે છે. ઘણા નિષ્ણાતો સિંધુ જળ સંધિ અને શિમલા કરારને સલામતી જાળ તરીકે જુએ છે. બંને કરારોમાંથી બહાર આવ્યા પછી પાકિસ્તાન અને ભારત એવી જટિલ પરિસ્થિતિમાં પહોંચી શકે છે, જેમાં યુદ્ધ સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

છેલ્લા દાયકામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે બે વખત તણાવની પરિસ્થિતિ પેદા થઈ હતી. સપ્ટેમ્બર ૨૦૧૬ માં જમ્મુ અને કાશ્મીરના ઉરી સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીક થયેલા ઘાતક હુમલામાં ૧૯ ભારતીય સૈનિકો માર્યા ગયા હતા. આ પછી, ભારતે નિયંત્રણ રેખા (LoC) પાર એક જોરદાર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી અને દાવો કર્યો કે પાકિસ્તાન પ્રશાસિત કાશ્મીરમાં આતંકવાદીઓનાં ઠેકાણાંઓને નિશાન બનાવવામાં આવ્યાં હતાં. ૨૦૧૯ માં પુલવામામાં એક હુમલો થયો હતો, જેમાં ૪૦ અર્ધલશ્કરી જવાનો શહીદ થયા હતા. આ પછી ભારતે બાલાકોટમાં કથિત આતંકવાદી છાવણીઓ પર હવાઈ હુમલા કર્યા હતા. ૧૯૭૧ પછી આ પહેલી વાર હતું જ્યારે ભારતે પાકિસ્તાનની અંદર હુમલો કર્યો હતો. પાકિસ્તાને લડાકુ વિમાનોથી જવાબ આપ્યો અને ત્યાર બાદ થયેલા સંઘર્ષમાં એક ભારતીય પાયલટને પકડી લીધો હતો. આમાં, બંને પક્ષો તરફથી શક્તિ પ્રદર્શન થયું, પરંતુ સંપૂર્ણ યુદ્ધ ટાળવામાં આવ્યું હતું. પહલગામના આતંકવાદી હુમલાને પગલે ભારતના વડા પ્રધાન મોદીએ ઘોષણા કરી છે કે પાકિસ્તાનને ભૂતકાળમાં ક્યારેય ન ભણાવાયો હોય તેવો પાઠ ભણાવવામાં આવશે. આ પાઠ યુદ્ધના રૂપમાં હોઈ શકે છે.

વિદેશ નીતિ વિશ્લેષક માઈકલ કુગેલમેન માને છે કે તાજેતરના હુમલામાં મોટી સંખ્યામાં મૃત્યુ અને ભારતીય નાગરિકોને નિશાન બનાવવાથી એવી આશંકા ઊભી થઈ છે કે જો ભારત હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા મેળવે તો ભારતીય સેના પાકિસ્તાન વિરુદ્ધ કડક સૈન્ય કાર્યવાહી કરી શકે છે. ભારત પાસે બે વિકલ્પો બાકી છે. પ્રથમ ૨૦૨૧ નો LOC યુદ્ધવિરામ નબળો પડી રહ્યો છે, તેથી ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી સરહદ પારથી ગોળીબાર માટે લીલી ઝંડી આપી શકે છે. બીજું, ૨૦૧૯ ની જેમ, હવાઈ હુમલો કરી શકે છે અથવા પરંપરાગત ક્રુઝ મિસાઇલ હુમલાનો વિકલ્પ પણ અસ્તિત્વમાં છે, જેમાં બદલો લેવાનું જોખમ રહેલું છે. જો ભારત ક્રુઝ મિસાઈલ વડે પાકિસ્તાન પર હુમલો કરશે તો પાકિસ્તાન વળતો જવાબ આપ્યા વિના રહેશે નહીં. ભારત અને પાકિસ્તાન બંને પાસે અણુબોમ્બ છે તે જોતાં આ યુદ્ધ ભીષણ હોઈ શકે છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે તેમની ૫૬ ઈંચની છાતી પુરવાર કરવાની આ ઉત્તમ તક છે.

**ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ૫૬ ઇંચની છાતી પુરવાર કરવાની આ ઉત્તમ તક છે. ભારત અને પાકિસ્તાન બંને પાસે અણુબોમ્બ છે તે જોતાં આ યુદ્ધ ભીષણ હોઈ શકે છે**

# BUSINESS મિત્ર

**સેન્સેક્સે 1150 પોઇન્ટના ઘટાડા બાદ રીકવર થવાનો પ્રયાસ કર્યો, અંતે 588.90 પોઇન્ટ ઘટીને બંધ**

# આતંકી હુમલા બાદ ભારતના વળતા પ્રહારની દહેશતે શેરબજાર હચમચી ઉઠ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 25:** ભારતીય શેરબજારમાં શરૂઆતી સુધારા બાદ ઝડપી વેચવાલી રહેતા શેરબજારમાં ભારે કડાકો બોલાયો હતો. જેનું મુખ્ય કારણ આજે સપ્તાહના અંતિમ દિવસે રોકાણકારોમાં ગભરાટ હતો કેમ કે જમ્મુ કાશ્મીરના આતંકી હુમલા બાદ ભારત સૈન્ય અને કુટનીતિ સ્તર ઉપર મોટા પગલાં ભરી શકે છે, જેથી પાકિસ્તાનની સાથે ટકરાવ વધશે જેના લીધે બજારના સેન્ટિમેન્ટ ઉપર મોટી અસર પડી શકે છે.

પહેલગામના હુમલાની અસર આજે શેરબજારમાં જોવા મળી હતી. સપ્તાહનો છેલ્લો દિવસ હોવાથી રોકાણકારો કોઈ જોખમ લેવા તૈયાર નથી અને તમામ સોદાઓ સ્કવેર અપ કરવા માંડ્યા હતા. જેના લીધે આજે સવારે 1150 પોઈન્ટ સુધી ગબડી ગયો હતો, જે છેલ્લે રીકવર થઈને 590 પોઈન્ટનો જ ઘટાડો રહ્યો હતો. બીજું ગઈકાલે પાકિસ્તાની સૈનિકોએ સરહદ પર ગોળીબાર કર્યો હતો. જેનો ભારતીય સૈનિકોએ પ્રતિક્રિયા કરી હતી.

આ દરમ્યાન કંપનીઓની અર્નિંગ ગ્રોથ સુસ્ત રહી છે. જોકે, વિદેશી રોકાણખારોની કીદી વધવાના કારણે બજારમાં તેજી જોવા મળી હતી. જો પાકિસ્તાન સાથે મુકાબલો નહીં વધે તો બજારમાં કોન્સોલિડેશન જોવા મળી શકે છે. હાલમાં બજાર જવાબી કાર્યવાહી અંગે વધુ ચિંતિત નથી. પણ ભારત અગાઉ કરતા મોટું પગલું ભરી શકે છે. જેથી રોકાણકારો સાવચેત રહી શકયા છે.

બીએસઈ સેન્સેક્સ 588.90 પોઈન્ટ એટલે કે 0.74 ટકા ઘટીને 79212.53 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેનેસેક્સ 80130 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78605 પોઈન્ટ સુધી ઘટયો હતો. આમ, સેન્સેક્સમાં 1500 પોઈન્ટની તોફાની વધઘટ રહી હતી. નિફ્ટી 207.35 પોઈન્ટ એટલે કે 0.86 ટકા ઘટીને 24039.35 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24365 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23847 પોઈન્ટ સુધી ઘટી હતી. આમ, નિફ્ટીએ 23900 પોઈન્ટની સપાટી તોડી હતી. બેન્ક શેરોમાં પણ વેચવાલી હાવી રહેતા બેન્ક નિફ્ટી 537.35 પોઈન્ટ એટલે કે 0.97 ટકા તૂટીને 54664.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે અપોલો હોસ્પિટલમાં 171.71 ગણા, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરેન્સમાં 17.02 ગણા, ઈન્ડિયન એનર્જી એક્સચેન્જમાં 6.55 ગણા, નવીન ફ્લોરીનમાં 4.97 ગણા, સાયન્ટ લિ.માં 4.17 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઈન્ડિયન એનર્જી એક્સચેન્જમાં 13.92 ગણા, એસબીઆઈ લાઈફમાં 7.47 ગણા, સાયન્ટ લિ.માં 7.35 ગણા, નાવા લિ.માં 5.66 ગણા અને નવીન ફ્લોરીનમાં 5.63 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ભારે કડાકો બોલાયો હતો. પાકિસ્તાનના જવાબી હુમલાના કારણે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે-બે ટકાનો ઘટાડો બોલાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.44 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં 2.56 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 722 શેરો વધ્યા હતા, જ્યારે 3242 શેરો ઘટયા હતા જ્યારે 120 શેરો યથાવત રહ્યા હતા.

મીડિયા શેરોમાં ઘટાડો નોંધાયો હતો. નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 3.54 ટકા ઘટયો હતો. જેમાં નેટવર્ક 18 મીડિયા, હેથવે કેબલ, ઝી એન્ટર, ડીશ ટીવી, પીવીઆર આઈનોક્સ, સન ટીવી, નઝારા ટેક્નો, ડીબી કોર્પ અને ટીપ્સ મ્યુઝીક ઘટયો હતો.

વૈશ્વિક સ્તરે સતત વેપારની અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોએ કંપનીઓ પાસેથી કમાણીના અહેવાલો પર નજીકથી નજર રાખી હોવાથી યુરોપિયન શેરો આગેકૂચ થઈ હતી. વોલસ્ટ્રીટ પર સતત ત્રીજા દિવસની તેજીના પગલે મોટા ભાગના એશિયન બજારો વધીને બંધ રહ્યા હતા. યુએસએ ટેરિફ અંગે નરમ વલણનો સંકેત આપતા રોકાણકારોનું સેન્ટિમેન્ટ સુધર્યુ હોવાથી આ તેજીનું નેતૃત્વ ટેકનોલોજી શેરોએ કર્યુ હતું. જાપાનમાં ફુગાવાના આંકડા દર્શાવે છે કે, ટોક્યોના સીપીઆઈ એપ્રિલમાં વાર્ષિક 3.5 ટકાના દરે વધ્યો હતો, જે માર્ચમાં 2.9 ટકા હતો, જે બે વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.07 ટકા, કેક 0.66 ટકા અને ડેક્સ 0.80 ટકા સુધારા સાથે આગળ વધતા જોવાયા હતા. એશિયન બજારોમાં નીક્કી 1.87 ટકા, હેંગસેંગ 0.32 ટકા, તાઈવાન 1.98 ટકા, કોસ્પી 0.94 ટકા, જકાર્તા 0.98 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.07 ટકા અને સ્ટ્રેઈટસ 0.21 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

**રૂપિયામાં ઘટાડો આગળ વધ્યો**

કરન્સી બજારમાં રૂપિયામાં ઘટાડો આગળ વધતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 17 પૈસા ઘટીને 85.44ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 85.27ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 97.10, પાઉન્ડ 113.93, કેનેડિયન ડોલર 61.47, ઓસ્ટ્રેલિયન ડોલર 54.68, જાપાનીઝ યેન 0.5964ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 85.45 રૂ. |
| પાઉન્ડ | 113.93 રૂ. |
| યુરો | 97.10 રૂ. |
| યેન | 0.5963 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -588.90 | 79212.53 |
| નિફ્ટી | -207.35 | 24039.35 |
| બેન્ક નિફ્ટી | -537.35 | 54664.05 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ લાઇફ | 5.40 | 1695.10 |
| ટીસીએસ | 1.36 | 3448.00 |
| ટેક મહિન્દ્રા | 1.16 | 1462.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.64 | 12237.00 |
| ઇન્ફોસીસ | 0.60 | 1480.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 5.95 | 655.20 |
| અદાણી એન્ટર | 3.61 | 2354.30 |
| અદાણી પોર્ટસ | 3.51 | 1193.00 |
| એક્સીસ બેન્ક | 3.38 | 1166.30 |
| ટ્રેન્ટ | 3.35 | 5145.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.36 | 3447.35 |
| ટેક મહિન્દ્રા | 1.06 | 1461.50 |
| ઇન્ફોસીસ | 0.60 | 1480.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.46 | 12219.25 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 0.32 | 822.25 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 3.61 | 1192.15 |
| એક્સીસ બેન્ક | 3.48 | 1165.30 |
| ઇર્ટનલ | 3.41 | 228.35 |
| બજાજ ફિનસર્વ | 2.85 | 2045.35 |
| પાવરગ્રીડ | 2.56 | 306.25 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૫૧૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૪૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૩૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૮૪૧૫ |
| તેજાબી સોનું | ૯૮૩૨૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૩૪૯૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૬૪૪૫ |
| સોનાનાં બિસ્કીટ | ૯૮૪૧૫૦ |
| ચાંદી (૯૯૯) | ૯૯૨૮૦ |
| ચાંદી સિક્કા | ૧૦૦૭૮૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

# નવા ઈન્કમટેક્સ બીલમાં ચેરીટેબલ ટ્રસ્ટ અંગે

**ટેક્સ ટ્વિટર**
**વિરેશ રૂદલાલ**



તારીખ 12મી એપ્રિલના અંકમાં ચેરીટેબલ ટ્રસ્ટો અંગે નવાબીલમાં આમેજ કેટલીક જોગવાઈઓ જોઈ છે આજના અંકમાં આગળ વધારતા આપણે અન્ય અગત્યની જોગવાઈઓ ઉપર નજર કરીશું

**કેપિટલ ગેઇન**

હાલના ઈન્કમટેક્સ એકટ ની કલમ -11 (1A)મુજબ કેપિટલ મિલકત ધરાવનાર ટ્રસ્ટો આવી મિલકતનો વેચાણ અગર હસતા કરે તો તેઓને કેપિટલ ગેઈન ની આવક થાય છે

મજાની વાત એ છે કે હાલની આ જોગવાઈમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન કે શોર્ટ ટર્મ કેપિટલ ગેમ જેવો કોઈ સિદ્ધાંત નથી મિલકત બે વર્ષ ધારણ કરેલી હોય કે તેનાથી ઓછો સમય હોય વેચો તો કેપિટલ ગેઈન થાય જેની સામે નવી મિલકત લઈ લ્યો તો કેપિટલ ગેઈન આવે નહીં અને જેટલો વેચાણ અવેજ રોકો તેના પ્રમાણસર કેપિટલ ગેઈન થાય પરંતુ અહીં કલમ -54 F ની માફક પ્રમાણસર ની ગણતરી થતી નથી. વળી અહીં કલમ 54, 54B મુજબ રહેઠાણ મિલકતમાં રોકાણ, ખેતીની જમીનમાં રોકાણ જેવો કોઈ રોકાણ લાભ જોવાનો નથી. લાંબા ગાળાના મૂડી નફા માટે ૨૦ % ટેક્સ રેઈટ કે ઈન્ડેકસેશન જેવી કોઈ વાત નથી. પરંતુ આ કેપિટલ ગેઈન રેગ્યુલર આવક જ ગણાશે જેની સામે નોર્મલ ગણતરી મુજબ ૮૫ % રોકવામાં કે ખર્ચ કરવામાં આવે તો ટ્રસ્ટના રિટર્ન માં ટેક્સ ભરવાનો આવશે નહીં.

**નવા બિલમાં**

નવા બિલ માં આખે આખી કેપિટલ ગેઈન આવકનો છેદ ઉડાડી દીધો છે.અને એક કેપિટલ મિલકત વેચો તો એને લીધે શું નફો-નુકસાન થાય એ સ્પષ્ટતા નથી આથી આવી મિલકતની વેચાણ કિંમત માંથી ખરીદ કિંમત બાદ જતા જે નફો થાય તેને બિલ ની કલમ- 335 માં રેગ્યુલર નફો (ટ્રસ્ટની મિલકતમાંથી) એ પ્રમાણે બતાવવાનો રહેશે એવું લાગે છે. પરંતુ આ બિલમાં આ આખી વાત અસ્પષ્ટ રહેવા પામી છે કેમકે જો ટ્રસ્ટ નવી મિલકત ટ્રસ્ટના ઉદ્દેશ્ય માટે અથવા કોઈ અન્ય કારણોસર લેતો અને ટ્રસ્ટના હેતુસર 85% ને આધીન ગણી લેવામાં આવશે અને એ સ્પષ્ટતા આવકાર્ય હતી.

ધારો કે ટ્રસ્ટની બહુ મોટી મિલકત ભારી કિંમતે વેચવામાં આવે તો ટ્રસ્ટે કરોડો રૂપિયાનું રિટર્ન ભરવું પડશે અને એની સામે અન્ય મિલકત ખરીદી બતાવતા આવક ઓછી થશે પરંતુ આ રકમ અન્ય કેપિટલ મિલકત એટલે કે બેંક ,FD માં રોકવામાં આવે તો હાલ કેપિટલ ગેઈન થતો નથી પરંતુ નવા બિલ માં આ માન્ય રહેશે નહીં ટ્રસ્ટના રિટર્ન સ્ક્રુટીનીમાં આવવાની સંભાવના રહેશે.

**વિલીનીકરણ (Merger)**

હાલના એકટ ની કલમ 12 ACમાં સરખા હેતુઓ વાળા બે ટ્રસ્ટો એકબીજામાં વિલીન થાય તો શરતોને આધીન Accreted આવક થશે નહીં એવી સ્પષ્ટતા છે. આ કલમ 1- 4 -2025 થી અમલી છે પરંતુ નવા બિલ માં આનો છેદ ઉડાડી દીધો છે.

**રિટર્ન Form- 7 અને અન્ય Forms**

ઈન્કમટેક્સ રિટર્ન ફોર્મ નં-7 હાલ ઘણું જ ગુચવાડા ભરેલું છે તથા ઓડિટ ના ફોર્મ નં-10B અને 10 BB પણ લાંબાને અગવડ ભરેલ છે જેમાં સુધારાની ગુંજાઈશ છે જો આમાં કોઈ સુધારો નહીં આવે તો નવા બિલો નો આખો વ્યાયામ નિરર્થક છે. વળી નવાબીલમાં આવક એકત્રીકરણ અંગે Form- 9 A પણ રથબાતલ કર્યું છે.

# માર્ચમાં ભારતનો ડોમેસ્ટિક એર પેસેન્જર ટ્રાફિક 11.3 ટકા વધીને 14.88 મિલિયન થયો

**એપ્રિલ 2025માં** એટીએફના ભાવમાં ક્રમશઃ 6.1 ટકાનો અને વાર્ષિક ધોરણે 12.9 ટકાનો ઘટાડો થયો હતો

નવી દિલ્હી, તા. 25: માર્ચમાં ડોમેસ્ટિક એર પેસેન્જર્સની સંખ્યા 148.8 લાખ હોવાનો અંદાજ છે, જે વાર્ષિક ધોરણે 11.3 ટકાનો વધારો દર્શાવે છે. જે ફેબ્રુઆરી 2025માં 140.4 લાખ મુસાફરોની તુલનામાં 5.9 ટકાનો વધારો છે. એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. ક્રેડિટ રેટિંગ એજન્સી આઈસીઆરએના એક અહેવાલ અનુસાર, નાણાકીય વર્ષ 2025 (એપ્રિલ 2024 - માર્ચ 2025) માટે ઘરેલું હવાઈ મુસાફરોની અવરજવર 1657.1 લાખ રહી હતી, જે વાર્ષિક ધોરણે 7.8 ટકાનો વધારો અને નાણાકીય વર્ષ 2020માં 1415.6 લાખના પૂર્વ-કોવિડ સ્તર કરતા 17.1 ટકા વધારે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યામાં મધ્યમ વૃદ્ધિના અંદાજ અને નાણાકીય વર્ષ 2026માં પ્રમાણમાં સ્થિર ખર્ચના વાતાવરણને જોતાં ભારતીય ઉડ્ડયન ઉદ્યોગ માટેનો દૃષ્ટિકોણ સ્થિર છે. નાણાકીય વર્ષ 2025ના 11 મહિનામાં, આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવર વાર્ષિક ધોરણે 14.6 ટકા વધીને 30.95 મિલિયન થઈ છે, જે 218.1 લાખના પૂર્વ-કોવિડ સ્તરથી 41.9 ટકા વધુ છે. માર્ચ 2025માં એરલાઈન્સ દ્વારા હાથ ધરવામાં આવેલી ક્ષમતાની જમાવટ માર્ચ 2024 ની તુલનામાં 8.5 ટકા વધુ હતી અને ફેબ્રુઆરી 2025 ની તુલનામાં 10.7 ટકા વધારે હતી. રિપોર્ટ અનુસાર માર્ચ 2025માં એરલાઈન્સની ક્ષમતા તૈનાત માર્ચ 2024 કરતા 8.5 ટકા વધારે હતી અને ફેબ્રુઆરી 2025 કરતા 10.7 ટકા વધારે હતી.